# મહાપ્રબંધક પશ્ચિમ રેલ્વેએ વડોદરા ડિવિઝનના બે કર્મચારીઓને સંરક્ષા એવોર્ડથી સન્માનિત કર્યા



અમદાવાદ, રેલવેના સંચાલનમાં સંરક્ષા સર્વોપરી હોય છે અને તેને સુનિશ્ચિત કરવા માટે દરેક કર્મચારીની સજગતા અને સતર્કતા અત્યંત મહત્વની ભૂમિકા ભજવે છે. પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી વિવેક કુમાર ગુપ્તાએ વડોદરા મંડળના બે રેલ કર્મચારીઓને તેમના ઉત્તમ કાર્યો બદલ સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કર્યા. આ પુરસ્કાર નવેમ્બર ૨૦૨૫ દરમિયાન ફરજ પર રહેલી સ્થિતિમાં તેમણે દાખવેલી સાવધાની અને સંભવિત દુર્ઘટનાઓને સમયસર ટાળી દેવામાં નિભાવેલી મહત્વપૂર્ણ ભૂમિકા બદલ આપવામાં આવ્યા. પુરસ્કાર પ્રાપ્ત કરનાર કર્મચારી (૧) શ્રી નંદન કુમાર ઠાકુર, પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના પખાજન સ્ટેશનમાં સ્ટેશન માસ્ટર તરીકે ફરજ બજાવી રહ્યા છે. તા. ૨૨.૧૧.૨૦૨૫ના રોજ પોતાના સ્ટેશન પર આશરે ૧૯:૧૫ કલાકે માલગાડી પસાર થતી હતી ત્યારે તેમણે બાઈન્ડિંગની સ્થિતિ જોયી, જે લાલ તપેલા પૈડાં અને સળગવાની આવતી વાસથી સ્પષ્ટ થતી હતી. સુરક્ષા પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા દર્શાવતા તેમણે તાત્કાલિક VHF સંચાર દ્વારા લોકો પાઈલટ અને ટ્રેન મેનેજરને માહિતગાર કર્યા. તેમની સમયસર આપવામાં આવેલી જાણના આધારે ટ્રેનને રોકી તપાસ કરવામાં આવી અને બ્રેક બાઈન્ડિંગની સમસ્યાનું સફળ નિવારણ કરવામાં આવ્યું. તેમની સજાગતા અને ત્વરિત કામગીરીના પરિણામે સંભવિત અકસ્માત ટળી ગયો અને ટ્રેન સંચાલનને સુરક્ષિત બનાવવાનું સુનિશ્ચિત થયું.

(૨) શ્રી મુકરાજ મીના 'ગોધરા' ખાતે લોકો પાઈલટ (માલગાડી) ના પદ પર કાર્યરત છે. તા. ૧૪.૧૦.૨૦૨૫ના રોજ ગોધરા પર ગૂડ્સ ટ્રેન પર કામ કરતી વખતે, વવાદી ખુર્દ–ટિંબા રોડ વચ્ચે લોકો પાઈલટે જોયું કે OHE તાર તૂટી જઈ ઝૂલતી હાલતમાં લટકાઈ રહી હતી. અત્યંત સતર્કતા અને સમજદારી સાથે તેમણે તરત જ ઈમરજન્સી સ્ટોપ પુશ બટન દબાવ્યો, પેન્ટોગ્રાફ નીચે કર્યો અને ફ્લેશર લાઈટ ચાલુ કરી, જેના કારણે ટ્રેન સુરક્ષિત રીતે અટકી ગઈ. અને પછી તેમણે સ્ટેશન માસ્ટર–ટિંબા રોડ અને TRD સ્ટાફ મારફતે TLC/CTOને જાણ કરી, જેમણે આવીને ખાતરી કરી કે OHE સ્ટે ટ્યુબ ઈન્સ્યુલેટર તૂટેલ હતું. જરૂરી સુધારાકાર્ય પછી સેક્શનને આગળની આવાગમન માટે તૈયાર કરવામાં આવ્યું. તેમની તેજ નજર, સમયસર કરેલી કાર્યવાહી અને ઝડપી નિર્ણય ક્ષમતા કારણે પેન્ટોગ્રાફ અને OHEને વધુ નુકસાનથી સફળતાપૂર્વક બચાવી શકાયું, જેના દ્વારા લોકોમોટિવની સુરક્ષા તથા નિરંતર ટ્રેન આવાગમન સુનિશ્ચિત થયું. મહાપ્રબંધક શ્રી વિવેક કુમાર ગુપ્તાએ પુરસ્કાર પ્રાપ્ત કરનારા કર્મચારીઓની સતર્કતાની પ્રશંસા કરતાં જણાવ્યું કે આ તમામ કર્મચારીઓ પોતાના કાર્ય પ્રત્યે સમર્પિત રહીને બીજાઓ માટે પ્રેરણાસ્રોત બન્યા છે.

# રાજ્યમાં અત્યાર સુધીમાં ૩૭.૫૨ લાખ હેક્ટર વિસ્તારમાં રવિ પાકોનું પુષ્કળ વાવેતર; ગત વર્ષ કરતા ૩૭,૦૦૦ હેક્ટરનો વધારો થયો: પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

### રવિ સિઝનમાં આજદિન સુધીમાં ૫.૯૯ લાખ મે.ટન યુરિયા અને ૧.૭૫ લાખ મે.ટન DAP વિવિધ જિલ્લામાં સપ્લાય કરાયું

- યુરિયાના સપ્લાયમાં ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે ૭૨,૪૫૦ મે. ટનનો વધારો.
- આગામી ૧૫ દિવસમાં વધુ ૧.૪૧ લાખ મે. ટન યુરિયા સપ્લાય કરવાનું રાજ્ય સરકારનું આયોજન.
- હાલની સ્થિતિએ રાજ્યમાં યુરિયા, DAP, NPK અને MOP મળીને કુલ ૩.૪૦ લાખ મે. ટન ખાતરનો જથ્થો ઉપલબ્ધ.

ગાંધીનગર એચ.ઓ

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતા હેઠળ મળેલી કેબિનેટ બેઠકમાં રાજ્યમાં રવિ પાકોના વાવેતર અને રાજ્યમાં ખાતરની ઉપલબ્ધતાની સમીક્ષા કરવામાં આવી હતી. આ અંગે પ્રેસ-મીડિયાને માહિતી આપતા પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ચાલુ વર્ષે રાજ્યના ખેડૂતો પર આવી પડેલી કમોસમી વરસાદની અણધારી આફતના સમયે મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે તેમના પડખે અડીખમ ઊભા રહીને કુલ રૂ. ૧૧,૦૦૦ કરોડના કૃષિ રાહત પેકેજ તેમજ રૂ. ૧૫,૦૦૦ કરોડના મૂલ્યની ટેકાના ભાવે ખરીફ પાકોની ખરીદી કરવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો હતો. જેના પરિણામે સહાય મળતા આજે ગુજરાતનો ખમીરવંતો ખેડૂત ફરી એકવાર બેઠો થયો છે. પ્રવક્તા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ખેડૂતોને થયેલા નુકસાન બાદ રવિ સિઝનમાં વાવેતર ઘટવા અંગે અનેક ચર્ચાઓ હતી, પરંતુ રાજ્ય સરકારે જાહેર કરેલી સહાયની મદદથી ખેડૂતોએ પુષ્કળ માત્રામાં રવિ પાકોનું વાવેતર કર્યું છે.

ગત વર્ષે આ સમયગાળા દરમિયાન રાજ્યમાં કુલ ૩૭.૧૫ લાખ હેક્ટર વિસ્તારમાં રવિ પાકોનું વાવેતર નોંધાયું હતું, જેની સામે ચાલુ સિઝન દરમિયાન અત્યાર સુધીમાં કુલ ૩૭.૫૨ લાખ હેક્ટર વિસ્તારમાં રવિ પાકોનું વાવેતર થયું છે, જે ગત વર્ષ કરતા ૩૭,૦૦૦ હેક્ટર વધુ છે. તેમણે વધુ વિગતો આપતા કહ્યું હતું કે, રાજ્યમાં અત્યાર સુધીમાં ઘઉંનું ૧૦.૮૩ લાખ હેક્ટર, ચણાનું ૭.૧૦ લાખ હેક્ટર, તેલીબિયાં પાકનું ૨.૬૬ લાખ હેક્ટર, મસાલા પાકોનું ૩.૨૪ લાખ હેક્ટર અને બટાટા પાકનું કુલ ૧.૫૯ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર નોંધાયું છે. ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે બટાટા પાકના વાવેતરમાં ૨૧ ટકાની વૃદ્ધિ થઈ છે. જે દર્શાવે છે કે, રાજ્ય સરકારની ખેડૂતલક્ષી નીતિઓના પરિણામે ખેડૂતો વધુ વાવેતર કરવા માટે પ્રેરાયા છે. મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ ખાતરની ઉપલબ્ધતા અંગે જણાવ્યું હતું કે, રવિ સિઝન દરમિયાન રાજ્યના વિવિધ જિલ્લાઓમાં અત્યાર સુધીમાં કુલ ૫,૯૯,૪૦૫ મેટ્રિક ટન યુરિયા અને ૧,૭૫,૩૯૪ મેટ્રિક ટન DAP સપ્લાય કરવામાં આવ્યું છે.

### પ્રાકૃતિક કૃષિ : પંચમહાલ જિલ્લો

# હાલોલ તાલુકાના નવા ઢીકવાના પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતના ખેતરે પહોંચ્યા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

### રાજ્યપાલશ્રીએ સ્વયં ગાય દોહી અને ખેતરમાં હળ ચલાવ્યું



ગાંધીનગર એચ.ઓ

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના નવા ઢીકવા ગામની મુલાકાત દરમિયાન પ્રગતિશીલ ખેડૂત શ્રી લક્ષ્મણભાઈ ખુમાનભાઈ રાઠવાના પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતું. આ મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રી સ્વયં ખેતરમાં હળ ચલાવીને ખેતીકામમાં સહભાગી થયા હતા. આ પૂર્વે તેમણે ગાયનું દૂધ દોહન પણ કર્યું હતું. રાજ્યપાલશ્રીની આ સહજતા અને કાર્ય પરાયણતા જોઈ ઉપસ્થિત સૌ કોઈ પ્રભાવિત થયા હતા. આ ફાર્મ મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રીએ ફાર્મ પર પ્રાકૃતિક પદ્ધતિથી ઉગાડવામાં આવેલા વિવિધ પાકોનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. ખાસ કરીને હળદરના પાકમાં મેળવેલ મબલખ ઉત્પાદન અને તેની ગુણવત્તા જોઈ તેમણે હર્ષ અને સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે રાસાયણિક ખાતર વગર પણ આવું ગુણવત્તાયુક્ત ઉત્પાદન એ વાતની સાબિતી છે કે પ્રાકૃતિક ખેતી આર્થિક રીતે પણ વધુ ફાયદાકારક છે.


ખેડૂત શ્રી લક્ષ્મણભાઈ રાઠવા સાથેના સંવાદ દરમિયાન રાજ્યપાલશ્રીએ તેમના અનુભવો જાણ્યા હતા અને ગૌ-સંવર્ધન, જમીનની ફળદ્રુપતા, સ્વાસ્થ્ય સુરક્ષા સહિતના મહત્વના મુદ્દાઓ પર માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી અજય દહિયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.એમ.દેસાઈ, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, ધારાસભ્યશ્રી જયદ્રથસિંહ પરમાર, હાલોલ મદદનીશ કલેકટરશ્રી ઈ.સુસ્મિતા સહિત જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, કૃષિ નિષ્ણાતો, ગ્રામ સરપંચશ્રી સહિત અન્ય મહાનુભાવો, અગ્રણીઓ, ખેડૂતો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતા હેઠળ રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી

### અમદાવાદમાં સરકારી શાળામાં ભણતી દીકરી માહી ભટ્ટને 'નાસા સ્ટેમ'માં ગાઈડ તરીકે આમંત્રણ મળતા મુખ્યમંત્રીશ્રી સહિત સમગ્ર મંત્રીમંડળે અભિનંદન પાઠવ્યા

- સરકારી યોજનાઓના લાભ કોઈ પણ પ્રકારના વિલંબ વગર સીધો લાભાર્થીને મળે તેવી સુદ્રઢ વ્યવસ્થા ગોઠવવાં મુખ્યમંત્રીશ્રીની સૂચના
- રાજકોટમાં યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ સમિટના આયોજનની કેબિનેટ બેઠકમાં સમીક્ષા કરીને મુખ્યમંત્રીશ્રીએ જરૂરી સૂચનો કર્યા



અમદાવાદ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં ચર્ચાયેલા મહત્વપૂર્ણ મુદ્દાઓ અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા તમામ મંત્રીમંડળના સભ્યોએ અમદાવાદની ૧૪ વર્ષની દીકરી માહી ભટ્ટની ગૌરવશાળી સિદ્ધિને બિરદાવી હતી. સરકારી શાળામાં યોજાતા વિજ્ઞાન મેળામાં રસપૂર્વક ભાગ લેતી આ દીકરીએ વૈશ્વિક સ્તરે ગુજરાતનો ડંકો વગાડ્યો છે. અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારની AMC સંચાલિત સરકારી શાળામાં અભ્યાસ કરતી સામાન્ય પરિવારની આ દીકરી માહીને 'નાસા સ્ટેમ'માં ગાઈડ તરીકે આમંત્રણ મળવા બદલ મુખ્યમંત્રીશ્રી સહિત સમગ્ર મંત્રીમંડળે દીકરી અને તેના પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

રાજ્યના નાગરિકોનું હિત અને સર્વાંગી વિકાસ એ ગુજરાત સરકારની કાર્યશૈલીના કેન્દ્રમાં છે, તેમ જણાવતાં પ્રવક્તા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા નાગરિકોના હિતમાં અનેક મહત્વના નિર્ણયો લેવામાં આવે છે. આ જાહેરાતો અને નિર્ણયોનો લાભ રાજ્યના છેવાડાના નાગરીક સુધી સુયોગ્ય રીતે પહોંચે તેની ખાતરી કરવાની જવાબદારી વહીવટી તંત્રની છે. સરકાર દ્વારા લેવાતા દરેક પ્રજાલક્ષી નિર્ણયો અને દરેક યોજનાનું સત્વરે અમલીકરણ થાય તે માટે મુખ્યમંત્રીશ્રીએ કેબિનેટ બેઠકમાં સૂચના આપી છે. આ ઉપરાંત કોઈપણ પ્રજાલક્ષી નિર્ણય બાદ તેમાં કોઈપણ પ્રકારના વિલંબ વગર ત્વરિત અમલીકરણ કરવા પણ જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે.

આ ઉપરાંત આગામી ૧૦ જાન્યુઆરીથી રાજકોટ ખાતે યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ સમિટ અંગે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી તમામ તૈયારીઓ અને આયોજનની મુખ્યમંત્રીશ્રીએ તલસ્પર્શી માહિતી મેળવીને સમીક્ષા કરી હતી.

સાથે જ તેમણે, આ

# ઈન્ટરનેશનલ ઓટોમોબાઈલ સેન્ટર ઓફ એક્સેલન્સ, ગાંધીનગર ખાતે 'ઈન્ટેન્સિવ ટ્રેનિંગ પ્રોગ્રામ' પૂર્ણ કરનાર ૩૭૬ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરાયા

### 'ઈન્ટેન્સિવ ટ્રેનિંગ પ્રોગ્રામ' પૂર્ણ કરનાર ૩૭૬ વિદ્યાર્થીઓ પૈકી કુલ ૩૦૧ આદિજાતિ વિદ્યાર્થીઓની સંપૂર્ણ ફી રાજ્ય સરકાર દ્વારા અપાઈ:આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશ પટેલ

અમદાવાદ, રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશ પટેલના અધ્યક્ષસ્થાને આજે ઈન્ટરનેશનલ ઓટોમોબાઈલ સેન્ટર ઓફ એક્સેલન્સ, ગાંધીનગર ખાતે હાઈ એન્ડ સ્કિલ ટ્રેનિંગ લીધેલા ૩૭૬ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરેલા આ વિદ્યાર્થીઓએ ૧૦૦ ટકા પ્લેસમેન્ટ થકી ટાટા મોટર, મધરસન, એમજી મોટર, નોબલ ઓટોમોબાઈલ જેવી વિવિધ ઓટોમોબાઈલ કંપનીઓમાં નોકરી પ્રાપ્ત કરી છે. આ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશ પટેલે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનરી દ્રષ્ટિકોણના પરિણામે ગાંધીનગર ખાતે ઈન્ટરનેશનલ ઓટોમોબાઈલ સેન્ટર ઓફ એક્સેલન્સ–IACE કાર્યરત કરવામાં આવ્યું છે. જે વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. આ ટ્રેનિંગ સેન્ટર ખાતે 'ઈન્ટેન્સિવ ટ્રેનિંગ પ્રોગ્રામ' પૂર્ણ કરનાર ૩૭૬ વિદ્યાર્થીઓ પૈકી કુલ ૩૦૧ આદિજાતિ વિદ્યાર્થીઓની સંપૂર્ણ ફી રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી છે, જેમાં આ વિદ્યાર્થીઓની તાલીમ, રહેવાની, જમવાની સહિતની સુવિધાઓનો સમાવેશ થાય છે.


**નિવાસ હાઉસીંગ ફાઈનાન્સ પ્રાઈવેટ લિમીટેડ**
(અગાઉ ઈન્ડોસ્ટાર હોમ ફાઈનાન્સ પ્રાઈવેટ લિમીટેડ તરીકે)
રજીસ્ટર્ડ ઓફિસ : યુનિટ નં. ૩૦૫, ત્રીજો માળ, વિંગ - ૨/ઈ, કોર્પોરેટ એવન્યુ, અંધેરી - ઘાટકોપર લિંક રોડ, ચલકા, અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૯૩.
CIN: U65990MH2016PTC271587 Tel: +91 22 65202222
Email: connect@niwashfc.com; Website: www.niwashfc.com
NIWAS HOUSING FINANCE

**નોટીસ**

માસ્ટર ડાયરેકશન - નોન બેંકીંગ ફાઈનાન્સિયલ કંપની - હાઉસીંગ ફાઈનાન્સ કંપની (રીઝર્વ બેંક) ડાયરેકશન - ૨૦૨૧ ના ફકરા ૯૩ ના સંદર્ભમાં સૂચના આપવામાં આવે છે કે કંપનીની શાખા **ઓફિસ નં. ૪૬, બીજો માળ, વિનાયક પ્લાઝા - ૧, રાજેન્દ્ર ભુવન રોડ, પબ્લીક ગાર્ડન સામે, આઈસીઆઈસીઆઈ બેંકની ઉપર, વેરાવળ, ગુજરાત - ૩૬૨૨૫૫, પિનકોર્ડ - ૩૬૨૨૫૫** પર સ્થિત છે. **તા. ૨૭.૦૩.૨૦૨૬** ના રોજ કામકાજ ના સમયની સમાપ્તી થી બંધ રહેશે કારણ કે કામગીરી નજીકની શાખા કચેરીમાં **ઓફિસ નં. ૬ અને ૭, પહેલા માળે, માં આદિત્ય આર્કેડ, બસ સ્ટેન્ડ રોડ, ખાદી બંદર રોડ, વેરાવળ, ગુજરાત - ૩૬૨૨૬૫** ખાતે ખસેડવામાં આવી રહી છે. જો કોઈ સહાયની જરૂર હોય તો, તો તમે ઉપર જણાવેલ નજીકની શાખા કચેરીનો સંપર્ક કરી શકો છો અથવા **connect@niwashfc.com** પર ઈમેલ મોકલી શકો છો.

આ સૂચના કંપનીની વેબસાઈટ : **(www.niwashfc.com)** પર ઉપલબ્ધ છે.

**નિવાસ હાઉસીંગ ફાઈનાન્સ પ્રાઈવેટ લિમીટેડ**
(અગાઉ ઈન્ડોસ્ટાર હોમ ફાઈનાન્સ પ્રાઈવેટ લિમીટેડ તરીકે)
સહી/-
**નિધી સદાની**
**ચીફ કોમ્પ્લાઈન્સ ઓફિસર**
**તારીખ : ૨૪-૧૨-૨૦૨૫**



**NOTICE**

**Schedule of upcoming Investor Awareness Program(s) (IAP)**

Axis Mutual Fund conducts various IAP with a view to educate and create awareness amongst the investors about the Mutual Funds.

In this regard, please see below details of upcoming IAP:

| Date of Event | Mode of Participation (Physical / Online) | Time From | Time To | Address / Link for joining webinar |
|---|---|---|---|---|
| 27-12-2025 | Physical | 6:00 PM | 9:00 PM | Prithvi Hotels, L.G. Hospital Road, Opp. L.G. Ground, Balvatika, Maninagar, Ahmedabad, Gujarat 380008. |

For any queries/ clarifications please contact : Vikram Solanki - 9979628770

**Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.**

AXIS MUTUAL FUND

One Lodha Place, 22nd & 23rd Floor, Senapati Bapat Marg, Lower Parel, Mumbai, Maharashtra, Pin Code - 400 013, India.
**TEL :** (022) 6649 6100, **EMAIL :** customerservice@axismf.com, **WEBSITE :** www.axismf.com.


# ગુજરાતમાં સેક્સ સોર્ટેડ સીમેન દ્વારા પશુઓમાં કૃત્રિમ બીજદાનમાં પાંચ ગણો વધારો થયો

ગાંધીનગર એચ.ઓ

ગ્રામ્ય અર્થતંત્રને વધુ મજબૂત અને સમૃદ્ધ બનાવવામાં પશુપાલન ક્ષેત્ર એક મહત્વપૂર્ણ આધારસ્તંભ પુરવાર થઈ રહ્યું છે. ત્યારે પશુપાલન ક્ષેત્રના વિકાસને વેગ આપવા માટે ગૌ સંવર્ધન થકી પશુઓનું દૂધ ઉત્પાદન વધારવું ખૂબ જ જરૂરી છે, જે દિશામાં ગુજરાતે આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિઓનો સુયોગ્ય ઉપયોગ કર્યો છે.

દૂધ ઉત્પાદન વધારવાની દિશામાં રાજ્ય સરકારે અપનાવેલી કૃત્રિમ બીજદાન પદ્ધતિ 'ગેમ ચેન્જર' બની છે.

કૃત્રિમ બીજદાન પદ્ધતિના પરિણામે દૂધ ઉત્પાદન સાથે પશુઓની ઓલાદમાં પણ નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે.

રાજ્ય સરકારે હવે પશુપાલન ક્ષેત્રમાં વધુ એક ક્રાંતિકારી ટેકનોલોજી ''સેક્સ સોર્ટેડ સીમેન'' અમલમાં મૂકી છે. અગાઉ કૃત્રિમ બીજદાન સમયે સામાન્ય 'ફ્રોઝન સીમેન' આપવામાં આવતું હતું, જેનાથી આશરે ૫૦ ટકા નર અને ૫૦ ટકા માદા બચ્ચાનો જન્મ થતો હતો. અત્યારે સેક્સ સોર્ટેડ સીમેન વડે કૃત્રિમ બીજદાન કરવાથી પશુઓ લગભગ ૮૫ થી ૯૦ ટકા માદા બચ્ચાને અને માત્ર ૧૦ થી ૧૫ ટકા જ નર બચ્ચાને જન્મ આપે છે.

ગુજરાત સરકારે પશુપાલન ખાતા મારફતે વર્ષ ૨૦૨૨-૨૩થી સેક્સ સોર્ટેડ સીમેન દ્વારા કૃત્રિમ બીજદાનની શરૂઆત કરી હતી. સેક્સ સોર્ટેડ સીમેનના એક ડોઝ માટે શરૂઆતમાં પશુપાલકો પાસેથી રૂ. ૩૦૦ સેવા ફી લેવામાં આવતી હતી. રાજ્ય સરકારની આ સેવા હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૫,૭૪૬ પશુઓને અને વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૫,૬૨૦ પશુઓને સેક્સ સોર્ટેડ સીમેનના ડોઝ આપવામાં આવ્યા હતા.

વર્ષ ૨૦૨૪માં રાજ્ય સરકારે પશુપાલકોના હિતમાં નિર્ણય કરીને આ સેવા ફીમાં રૂ. ૨૫૦નો અભૂતપૂર્વ ઘટાડો કર્યો હતો અને માત્ર રૂ. ૫૦ પ્રતિ ડોઝ ફી નિયત કરી હતી. જેના પછી સેક્સ સોર્ટેડ સીમેન થકી કૃત્રિમ બીજદાનમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. વર્ષ ૨૦૨૪-૨૫માં ૧,૩૦,૯૨૫ પશુઓને તેમજ ચાલુ વર્ષે ઓક્ટોબર માસ સુધીમાં ૧,૦૦,૧૭૮ પશુઓને સેક્સ સોર્ટેડ સીમેનના ડોઝ આપવામાં આવ્યા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં સેક્સ સોર્ટેડ સીમેન દ્વારા થયેલા કૃત્રિમ બીજદાન સામે ગાભણ થયેલા અને વિયાણ થયેલા પશુઓમાંથી ૯૪ ટકા પશુઓએ માદા બચ્ચાંને જન્મ આપ્યો છે, જે સેક્સ સોર્ટેડ સીમેન ટેકનોલોજીની કાર્યક્ષમતાનો જીવંત પુરાવો છે.

# અમદાવાદમાં ચાલુ વર્ષે ૧૦૦૬ પાસા ૨૧૮ આરોપીઓને તડીપાર કરાયા

### અસામાજીક તત્વોને કાબુમાં લેવા પાસા-તડીપારનો એક્શન પ્લાન



**વર્ષ ૨૦૨૩ અને ૨૦૨૪ની સરખામણીમાં પોલીસ દ્વારા ૩૦ ટકા વધારે અસામાજિક તત્વો વિરૂદ્ધ આકરા પગલા ભરવામાં આવ્યા**

અમદાવાદ,

અમદાવાદમાં ગુનાહિત પ્રવૃતિ સાથે સંકળાયેલા અસામાજીક તત્વો વિરૂદ્ધ કાર્યવાહી કરવા માટે પીસીબી (પ્રિવેન્શન ઓફ ક્રાઈમ બ્રાંચ) દ્વારા પાસા અને તડીપારની કાર્યવાહી કરવામાં આવે છે. અમદાવાદ પોલીસે ચાલુ વર્ષે ૧૦૦૬ જેટલા આરોપીઓ વિરૂદ્ધ પાસાની અને ૨૧૮ જેટલા આરોપીઓને તડીપાર કર્યા હતા. આરોપીઓ વિરૂદ્ધની આ કાર્યવાહી વર્ષ ૨૦૨૩ અને ૨૦૨૪ની સરખામણીમાં ૩૦ જેટલી વધારે છે. ત્યારે હજુ ડિસેમ્બર મહિના દરમિયાન હજુ અનેક અસામાજિક તત્વો વિરૂદ્ધ કાર્યવાહી કરાશે. અમદાવાદમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા અટકાયતી પગલા ભરવાની મહત્વની કામગીરી કરવામાં આવે છે. જેમાં આરોપીની ૨૪ કલાક માટે ધરપકડ કરીને કાર્યવાહી કરવામાં આવે છે. આ ઉપરાંત, ગુનાહિત ઈતિહાસ ધરાવતા આરોપીઓ પર સતત હિલચાલ રાખવામાં આવે છે. પરંતુ, સતત ગુનાખારી આચરતા તત્વોને કાબુમાં કરવા માટે પોલીસ કમિશનરના સીધા માર્ગદર્શન હેઠળ કામ કરતી પીસીબી દ્વારા પણ દરોડા પાડીને ગુનો નોંધવા સુધીની કાર્યવાહી કરવામા આવે છે. આ ઉપરાંત, અસામાજીક તત્વો વિરૂદ્ધ પાસા અને તડીપારની કાર્યવાહી કરવામા આવે છે. પીસીબી દ્વારા વર્ષ ૨૦૨૪માં ૧૦૦૬ જેટલા આરોપીઓને પાસા હઠળ કાર્યવાહી કરીને રાજયની અલગ જેલમાં મોકલી આપવામા આવ્યાં હતા. જ્યારે હજુ ડિસેમ્બર મહિનો પૂર્ણ થતા આ આંકડો ૧૨૦૦ સુધી પહોંચવાની શક્યતા છે. આ વર્ષએ માર્ચમાં ૧૫૦ અને જુનમાં ૧૨૬ આરોપીની પાસા કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૩મા ૭૦૬ આરોપીઓને પાસા કરવામાં આવી હતી. જ્યારે વર્ષ ૨૦૨૪માં ૯૫૩ આરોપીઓને પાસાની સજા કરવામાં આવી હતી.

જ્યારે તડીપારની સજાની વાત કરીએ તો ૨૦૨૪માં ૩૦ નવેમ્બર સુધીમાં ૨૧૮ જેટલા અસામાજીક તત્વોને અમદાવાદથી અન્ય જિલ્લાઓમાં તડીપાર કરવામાં આવ્યા હતા. જેમાં જુન મહિનામાં ૫૨ આરોપીઓનો સમાવેશ થાય છે. જ્યારે વર્ષ ૨૦૨૩માં ૧૩૬ આરોપીઓ અને વર્ષ ૨૦૨૪માં ૧૫૨ અસામાજીક તત્વોને અમદાવાદ બહાર તડીપાર કરાયા હતા. પીસીબીએ પ્રોહીબીશન,ડ્રગ્સ અને શરીર સંબધિત ગુનાઓમાં સંડોવાયેલા વધુ અનેક આરોપીઓ વિરૂદ્ધ પાસા-તડીપારની કાર્યવાહી શરૂ કરી છે.

# ગુજરાતમાં આગામી સમયમાં થશે તુવેરની ટેકાના ભાવે ખરીદી

- તુવેરના વેચાણ માટે ખેડૂતો તા. ૨૨ ડિસેમ્બરથી ૨૧ જાન્યુઆરી-૨૦૨૬ સુધી ઓનલાઈન નોંધણી કરાવી શકશે: પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી તુવેર પકવતા વધુમાં વધુ ખેડૂતોને ટેકાના ભાવે વેચાણ માટે નોંધણી કરાવવા મંત્રીશ્રીએ અનુરોધ કર્યો
- વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને રાજ્યમાં ઉત્પાદનના ૧૦૦ ટકા જથ્થા મુજબ ખરીદી કરવાનું આયોજન
- ભારત સરકારે તુવેર માટે રૂ. ૮,૦૦૦ પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કર્યો

ગાંધીનગર એચ.ઓ

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. તેમના માર્ગદર્શન હેઠળ બેઠકમાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણય અંગે મીડિયાને માહિતી આપતા પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ખેડૂતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ સાથે આર્થિક રક્ષણ પણ મળી રહે તે માટે આગામી સમયમાં ટેકાના ભાવે તુવેર પાકની ખરીદી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રવક્તા મંત્રીશ્રીએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, રાજ્યના ખેડૂતો નિશ્ચિંત થઈને પાકોનું વાવેતર કરી શકે તે માટે ભારત સરકાર દ્વારા વાવેતર શરૂ થાય તે પહેલા જ ટેકાના ભાવ જાહેર કરવામાં આવે છે.


**ભૌતિક કબ્જા નોટીસ**

ICICI Bank | શાખાનું સરનામું : આઈસીઆઈસીઆઈ બેંક લિ., ઓફિસ નં. ૨૦૧-બી, બીજો માળ, રોડ નં. ૧, પ્લોટ નં.બી-૩, વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, થાણે (વેસ્ટ)-૪૦૦૬૦૪

આથી સિક્યુરીટાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહીં દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.

કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકૃત અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો ભૌતિક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારોએ અને સામાન્ય જનતાએ ટાંચમાં લીધેલ મિલ્કતો સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

| ક્રમ નં. | દેવાદારોનું નામ / લોનનો ખાતા નંબર | મિલકતોની વિગતો / ભૌતિક કબ્જાની તારીખ | ડિમાન્ડ નોટીસની તારીખ / ડિમાન્ડ નોટીસમાંની રકમ (રૂા) | શાખાનું નામ |
|---|---|---|---|---|
| ૧ | પાટિલ ભાનુમતી / પાટિલ રાજેન્દ્રભાઈ / TBSUR00006701717 | ફ્લેટ નં.૪૦૪, ચોથો માળ, બિલ્ડિંગ નં.એ/૨, બિલ્ડિંગ-એ, સાંઈ પૂજન રેસિડેન્સી, સ્કાય ૯ લિવિંગ સામે, નિલગિરી ફાટક રોડ, આર.એસ.નં.૩૩૦/૨, બ્લોક નં.૪૭૫, ટી.પી.એસ. નં.૪૦, એફ.પી.નં.૫૭/બી, (ટી.આર મુજબ મંજુર નવા એફ.પી.નં.૧૦૭), લિમ્બાવત, ડિંડોલી, સુરત-૩૯૫૦૧૨. / ડિસેમ્બર ૨૧, ૨૦૨૫ | એપ્રિલ ૨૯, ૨૦૨૫ રૂા. ૧૬,૪૫,૯૬૮.૦૦/- | સુરત |
| ૨ | પટેલ કિરણ ઈશ્વરભાઈ / પટેલ સુરજ ઈશ્વરભાઈ / પટેલ પાર્વતીબેન ઈશ્વર / LBSUR00005617649 | નોંધ નં.૮૧૪, નાની બહુચરાજી મંદિર પાછળ, પ્રાણનાથ હોસ્પિટલ પાસે, વેદ રોડ, ટુનકી, સુરત-૩૯૫૦૦૪. / ડિસેમ્બર ૨૨, ૨૦૨૫ | એપ્રિલ ૨૪, ૨૦૨૫ રૂા. ૨૯,૭૬,૨૫૯.૯૮/- | સુરત |

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહી બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવેલ છે, જો નાણાં પરત કરવામાં નહીં આવે તો સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ની કલમ ૮ અને ૯ નીજોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કતો આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : ડિસેમ્બર ૨૪, ૨૦૨૫
સ્થળ : સુરત
નિષ્ઠાવાન અધિકૃત સહીકર્તા
આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ માટે



**સાંકેતિક કબ્જા નોટીસ**

ICICI Bank | બ્રાન્ચ ઓફિસ: આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ.,ઓફિસનં ૨૦૧-બી, બીજે માળ, રોડનં ૧ પ્લોટ નં- બી ૩ વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટીયલ એસ્ટેટ,થાણે,(વેસ્ટ)-૪૦૦૬૦૪

સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રકશન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈનફોર્મ્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ ઈન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ (દીવાન હાઉસિંગ ફાયનાન્સ લી. દ્વારા આઈસીઆઈસીઆઈના નિમાયેલા નીચે સહી કરનાર અધિકારીએ ) સિક્યોરિટી ઓફ એન્ફોર્સમેન્ટ ના સંબંધમાં ડીએચએફએલ અને કરજદારો વચ્ચે લોન બાબતે થયેલા કરારના આધારે હાઉસિંગ લોન ની સગવડ મેળવી છે, તેઓ જે લોન મેળવી છે, તેની મૂળ રકમ અને વ્યાજની ચુકવણીમાં તેઓ નિષ્ફળ ગયા છે , તેથી આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહીં દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.

કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો સાંકેતિક કબ્જો લઈ લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારો અને સામાન્ય જનતાએ કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

| ક્રમ નં. | કરજદારો સહ-કરજદારોનું નામ/ (ડીએચએફએલ જુનો લેન અને આઈસીઆઈસીઆઈ નવો લેન) | મિલ્કતની વિગત/ કબ્જાની તારીખ | ડિમાંડ નોટીસની તારીખ / ડિમાંડ નોટીસની રકમ (રૂ) | શાખાનું નામ |
|---|---|---|---|---|
| ૧. | ભાવેશ રત્નભાઈ આલ અને પંકજ રતનભાઈ આલ અને હંસાબેન રતનભાઈ આલ- નવો આઈસીઆઈસીઆઈ લેન. નં. QZRAJ00005040580 અને જુનો ડીએચએફએલ લેન નં. ૦૬૪૦૦૦૦૭૮૭૦ | ફ્લેટન નં. ૧૦૯, પહેલો માળ, ગિરિરાજ એપાર્ટમેન્ટ, પ્લોટ નં.૧, આર.એસ. એન. નં. ૨૩૪/૧ અને સિટી સર્વે ૨૮૭૫ તાલુકા સાવર કુંડલા ગામ કુંડલા ન. દેવડા ગેટ, જયશ્રી સિનેમા ન. મેલડીચોક અમરેલી ગુજરાત-૩૬૪૫૧૫/ ૧૯ ડિસેમ્બર, ૨૦૨૫ | ૦૬ ઓગસ્ટ, ૨૦૨૫ રૂા. ૨૪,૩૦,૩૯૮.૩૪/- | જૂનાગઢ |

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો) અહીં બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવે છે. નહીં તો કલમ ૮ અને ૯ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (ઈન્ફોર્સમેન્ટ) રૂલ, ૨૦૦૨ની જોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કત આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ: ૨૪ ડિસેમ્બર, ૨૦૨૫
સ્થળ : ગુજરાત અને અમરેલી
ઓથોરાઈઝડ ઓફિસર,
આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ